


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com  Pastor : Rev. Dr. Emanuel S. Kant

Visit us at : www.shahpurmethodistchurch.com  (M) 8780130474



વર્ષ - ૫૪  મે - ૨૦૨૫  પત્ર - ૧૪૧


## આપણા જીવનમાં ઈશ્વરનું ઉત્તમ કાર્ય

મંડળીનાં વ્હાલા સર્વ ભાઈ-બહેનો,

પુનરૂત્થાન પામેલ ખ્રિસ્તનાં ગૌરવી નામમાં સલામ

આ પ્રથમ અભ્યાસની ચાવીરૂપ કલમ ફિલિપ્પી ૧:૬ છે : 'જેણે તમારામાં સારા કામનો આરંભ કર્યો તે, ઈસુ ખ્રિસ્તના દહાડા સુધી, તેને સંપૂર્ણ કરતો જશે, એવો મને ભરોસો છે.' આપણે આ કથનનો ત્રણ રીતે વિચાર કરીશું : (૧) ફિલિપ્પી ખાતેની મંડળીના સંબંધમાં, (૨) વર્તમાન સમયની મંડળીના સંબંધમાં, અને (૩) વ્યક્તિગત ખ્રિસ્તી વ્યક્તિના સંબંધમાં.

**૧. ફિલિપ્પી ખાતેની મંડળીમાં ઈશ્વરનું કાર્ય :** ફિલિપ્પી ખાતે મંડળીની શરૂઆત કોણે કરી - અને કેવી રીતે ? એ વાત સુસ્પષ્ટ છે કે ઈશ્વરે જ એ મંડળીની શરૂઆત કરી હતી, અને તેમણે એ કાર્ય ચાલુ રાખ્યું હતું અને તે પોતે જ પોતાની મંડળીને સંપૂર્ણ કરવાના હતા. પ્રે.કૃ. ૧૬:૬-૩૪માં આપણા માટે એ વાત લખવામાં આવી છે. ઈશ્વરે પોતાનું એ 'ઉમદા કાર્ય' કેવી રીતે 'શરૂ કર્યું' હતું ?

(૧) કેટલીક પ્રાર્થનાવાદી સ્ત્રીઓનાં હૃદયોમાં બોજ મૂકીને વાંચે. પ્રે.કૃ. ૧૬-૧૩ પ્રભુ જ્યારે જ્યારે કોઈક કાર્યની શરૂઆત કરવાના હોય છે ત્યારે ત્યારે તે સૌ પ્રથમ તો તે પોતાના પ્રાર્થનાવાદી લોકોમાંથી કોઈક એક વ્યક્તિને અથવા તો થોડીક વ્યક્તિઓને પ્રાર્થના કરવા માટે તૈયાર કરતા હોય છે. સાચી પ્રાર્થનાની શરૂઆત પ્રાર્થના કરનાર કોઈ વ્યક્તિથી થતી નથી, પરંતુ ઈશ્વરથી થતી હોય છે - જુઓ રોમનો ૮:૨૬-૨૭.

(૨) ઈશ્વરના સેવકોના પગલાંઓને ગોઠવીને. ઈશ્વરના સેવકો એશિયામાં સુવાર્તા પ્રગટ કરવા માગતા હતા પરંતુ પવિત્ર આત્માએ તેમના ઈરાદાઓને બદલી નાંખ્યા અને તેઓની ફિલિપ્પી તરફ જવા માટે જણાવ્યું જુઓ પ્રે.કૃ. ૧૬:૬-૭. પ્રાર્થનાના પ્રત્યુત્તરૂપે ઈશ્વર યુરોપની અંદર પ્રથમ મંડળી સ્થાપવા માટે પોતાના સેવકોને મોકલી રહ્યા હતા.

(૩) ઈશ્વરના સેવકોને દર્શન આપીને. વાંચો પ્રે.કૃચ ૧૬:૮-૯. તેનું કારણ એ હતું કે થોડીક સ્ત્રીઓ પ્રાર્થના કરતી હતી અને આની આ જ બાબતનું પુનરાવર્તન કેટલી બધી વાર થયું હતું ? કેટલીકવાર તો પ્રાર્થના કરવાનું શરૂ કરવામાં આવ્યું હોય (આ કિસ્સાની જેમ), એટલે કે પ્રાર્થનાની શરૂઆત કરવામાં આવી હતી, એ પહેલાં જ (યશાયા ૬૫:૨૪) ઈશ્વરે ચમત્કારિક રીતે, પોતાના સામર્થ્ય મારફતે કાર્ય પૂરું કરી દીધું હોય છે. ઈશ્વર આજે પણ એવા જ પરાક્રમી અને સામર્થ્યવાન છે !

(૪) પોતાના સેવકોને આજ્ઞાધીન બનાવીને. પ્રે.કૃ. ૧૬:૧૦માં મહત્વનો શબ્દ 'તરત' છે. આ બાબત તાત્કાલિક, વાંધાવચકારહિત અને સંપૂર્ણ આજ્ઞાધીનતા દર્શાવે છે. ઈશ્વરના સેવકો જ્યારે આ રીતે ઈશ્વરે આધીન થવા માટે તૈયાર હોય છે ત્યારે ઈશ્વર તેઓની મારફતે મહાન બાબતો કરી શકે છે.

(૫) સુવાર્તા પ્રચાર કરીને. ફિલિપ્પી જવા પાછળનો તેઓના ઉદેશ 'સુવાર્તા પ્રગટ કરવાનો' (કલમ ૧૦); 'તારણ પામવા માટેનો' માર્ગ પ્રગટ કરવાનો હતો (કલમ ૧૭).

(૬) બદલાણ પમાડવાના ચમત્કારો કરીને. ત્રણ ખાસ કિસ્સાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છો : (૧) લૂદિયા અને તેણીના ઘરના સભ્યો (કલમ ૧૪-૧૫), (૨) અશુદ્ધ આત્મા વળગેલી એક છોકરી (કલમ ૧૬-૧૮) અને (૩) બંદીખાનાનો દરોગો અને તેના કુટુંબીજનો (કલમ ૨૫-૩૪). દરેક કિસ્સામાં ઈશ્વરે જ કાર્ય કર્યું હતું.

(૭) સતાવણીમાં પણ વિશ્વાસુ રહીને. ફિલિપ્પીમાં મંડળી બાંધવા માટે ઈશ્વરે પોતાના સેવકો પર દુઃખ આવવા દીધું, એ વાત પર કોણ શંકા કરી શકે ? - વાંચો પ્રે.કૃ. ૧૬:૨૨-૨૪ અને તેને ફિલિપ્પી ૧:૧૨ સાથે સરખાવો.

**૨. મંડળીમાં આજે થઈ રહેલું ઈશ્વરનું કાર્ય :** ઈશ્વર હજી પણ પોતાની મંડળીના સર્વે સર્વા તથા તેને ટકાવી રાખનાર છે, અને તે પોતાનું કાર્ય અવશ્ય પૂરું કરશે જ. માથ્થી ૧૬:૧૩-૧૮ના કાળજીપૂર્વક અભ્યાસ કરો, પ્રે.કૃ. ના ૧૬ મા અધ્યાયમાં આપણે 'નર્કના દ્વારો'ને સુવાર્તાને આગળ વધતી અટકાવતાં નિહાળીએ છીએ, પરંતુ અંધકારની શક્તિઓને પરાજીત થયેલી અને ફિલિપ્પીની અંદર પ્રભુને પોતાની મંડળી બાંધતા જોઈએ છીએ. જો કે, આજે ઘણાબધા વિરોધી પરિબળોને આપણે મંડળીની વિરુદ્ધ કાવાદાવા કરતા નિહાળીએ છીએ, તો પણ ફિલિપ્પી ૧:૬માં કહેવામાં આવેલી વાત સાચી પુરવાર થાય છે, એવી જ રીતે એફેસી ૫:૨૫-૨૭ પણ સાચી પૂરવાર થાય છે.

**૩. ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં થઈ રહેલું ઈશ્વરનું કાર્ય :** ફિલિપ્પીની અંદર ઈશ્વરે જે રીતે કાર્યની શરૂઆત કરીને તેને ચાલુ રાખ્યું હતું, એ જે


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી બેન દાતા તરફથી મળેલ છે.

રીતે તે આજની પોતાની મંડળીના સર્વેસર્વા તથા તેને સંપૂર્ણ કરનારા છે, એવી જ રીતે તે દરેક ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં સર્વેસર્વા તથા પોતાનું કાર્ય સંપૂર્ણ કરનાર છે.

કેવળ ઈશ્વર જ વ્યક્તિને ખ્રિસ્તી બનાવી શકે છે. ખ્રિસ્તી વ્યક્તિ એટલે ખાતરી પામેલો (યોહાન ૧૬:૮); નવો જન્મ પામેલો (યોહાન ૩:૩), ઉદ્ધાર પામેલો (એફેસી ૧:૭), ન્યાયી કરેલો (રોમનો ૫:૧), અંધકારના અધિકારમાંથી છુટકારો પામેલો (ક્લોસ્સી ૧:૧૩), મુદ્રાંકિત થયેલો (એફેસી ૪:૩૦), અને ઈશ્વરી સ્વભાવનો ભાગીદાર (૨ પિતર ૧:૪) આ બધું તો એકમાત્ર ઈશ્વર જ કરી શકે ! તેથી :

(૧) શું ઈશ્વરે તમારી અંદર પોતાનું કાર્ય કરવાનું શરૂ કર્યું છે? શું તેમણે તમારું તારણ કર્યું છે? (રોમનો ૧૦:૯-૧૦)

(૨) જો તેમણે તમારા જીવનમાં કાર્ય કરવાનું શરૂ કર્યું છે, તો તે પોતાનું કાર્ય કરવાનું ચાલુ રાખશે જ. (યોહાન ૬:૩૭, ૧૦:૨૭-૨૯, ૧૭:૧૨, ૨ તિમોથી ૧:૧૨ અને યહૂદા ૨૪ આપણને આ બધાની ખાતરી આપે છે.)

(૩) ઈશ્વર પોતાનું કાર્ય તમારા જીવનમાં પરિપૂર્ણ કરશે. તે 'ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાના દહાડા સુધી પોતાનું કાર્ય ચાલુ રાખશે,' અને એ પછીથી જ પ્રભુનું આગમન થશે. ૧ યોહાન ૩:૨ ! ગી.શા. ૧૩૮:૮ તરફ દૃષ્ટિ કરો અને તેને ફિલિપ્પી ૨:૧૩ સાથે સરખાવો.

આભાર સહ,

'વચન તમારામાંથી' પ્રાપ્ત કરેલ મનન.

**રેવ. ડૉ. ઈમાનુએલ એસ. કાન્ત**
પાળક

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : એપ્રિલ

- તા. ૬, ભજનસેવા પ્રભુભોજનની મેજની સંગતમાં જોડાયા. મેથોડિસ્ટ ચર્ચ રાયગઢ ચર્ચ પ્રોજેક્ટ માટે પાસ્ટર શૈલેષ ચૌધરી તથા સ્થાનિક આગેવાન હાજર રહેલ. રૂ. ૧ લાખ ૬હજાર કરતાં વધુ દાન પ્રાપ્ત થયેલ. સર્વ દાનવીરોનો આભાર. પાસ્ટર શૈલેષ ચૌધરી પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૧૩, ભજનસેવા, પાળક પ્રભુનું વચન લાવ્યા. ખજૂરીનો રવિવાર.
- તા. ૧૮, શુભ શુક્રવારની ભજનસેવામાં મળ્યા. રાયખડ વિસ્તાર પાળક મંડળનાં વક્તા ડૉ. આર. પ્રભુ વચન લાવ્યા. પાળકે તરજૂમો કર્યો. મેજની સંગતમાં જોડાયા.
- તા. ૨૦, પુનરૂત્થાન દિનની ભજનસેવામાં જોડાયા. લોકોએ ઉત્સાહથી ભાગ લીધો. પાળક 'પથ્થર અને પુનરૂત્થાન' વિષયે પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૨૭, પાળક પ્રભુનું વચન લાવ્યા. ભજનસેવામાં 'ઍમ્મોસને માર્ગે વચન' વિષય આધારિત વચન લાવેલ.

## આવનાર માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત ફેબ્રુઆરી

- તા. ૪, ભજનસેવા, પ્રભુભોજન પળાવવામાં આવશે નહિ. તા. ૨૮ થી ૫ મે પાળક હાજર નથી.
- તા. ૧૧, ભજનસેવા પ્રભુભોજનની મેજની સંગતમાં જોડાઈશું. 'માતૃદિન' શ્રીમતી મીનાબેન જે. રાઠોડ પ્રભુનું વચન લાવશે.
- તા. ૧૮, ભજનસેવા 'વેસ્લી સન્ડે'
- તા. ૨૫, ભજનસેવા 'આલ્ડર્સગેટ દિવસ'

## BIRTHDATE IN MAY

| | | | |
|---|---|---|---|
| ૧/૫ | મીના બી. બોરકર | ૧૬/૫ | શૉન એસ. ક્રિશ્ચિયન |
| ૫/૫ | નિલેશ બી. પરીખ | ૧૭/૫ | મનોજકુમાર સી. ચૌહાણ |
| ૬/૫ | નિપા સી. ચૌહાણ | ૧૮/૫ | શરદભાઈ જે. માસ્ટર |
| ૭/૫ | વેલેન્ટીના એફ. ગોહિલ | ૧૯/૫ | ડોનાલ્ડ જી. મેકવાન U.S.A. |
| ૧૦/૫ | એની એ. ક્રિશ્ચિયન | ૨૦/૫ | બેબી આન્યા ઓનિલ પેટ્રિક |
| ૧૦/૫ | ઉર્મિલાબેન આર. સોલંકી | ૨૨/૫ | ક્રિસ્ટીના એફ. ગોહિલ |
| ૧૫/૫ | જેશન જીમી ડેવિડ | ૨૬/૫ | નલીન આર. ક્રિશ્ચિયન |
| ૧૬/૫ | અરૂણાબેન એસ. ગામડીઆ | ૩૧/૫ | રીયોન આઈ. ખ્રિસ્તી |

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | સિલાસભાઈ ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| ૨. | શાલિન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૩. | સેનિટા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૪. | રાજેશ આર. ક્રિસ્ટી | બર્થડે | ૫૦૦ |
| ૫. | નેન્સી અતુલ મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૬. | શ્રીમતી નિયંતા એન. ક્રિશ્ચિયન (USA) | બર્થડે | ૧૦૦૦ |
| ૭. | શ્રીમતી પ્રકૃતિ એન. ક્રિશ્ચિયન (USA) | બર્થડે | ૧૦૦૦ |

## નોંધ

૧. તા. ૨૮ એપ્રિલથી તા. ૫ મે સુધી પાળક જનરલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે થાણે મુંબઈ જશે. આકસ્મિક કામ માટે ડિ.સુ. રેવ. જશવંત મેકવાન સાહેબનો સંપર્ક કરવો.

૨. પ્રભુભોજન તા. ૧૧-૫-૨૦૨૫ના રવિવારે પળાવવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી.

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ દરમિયાન આપે આપેલ દાનોની પહોંચ મળેલ નથી તો મહેરબાની કરીને પાળકનો સંપર્ક કરશો.

## નાણાંકીય અહેવાલ માર્ચ - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૩-૨૫ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૫૭૦૦.૦૦ |
| | બેંક | ૬૭૨૬૫૪.૫૯ |
| **તા.૩૧-૩-૨૫ સુધીની** | આવક | ૩૫૪૬૯૨.૦૦ |
| | કુલ | ૧૦૩૩૦૪૬.૫૯ |
| **તા.૩૧-૩-૨૫ની બંધ સિલક** | | |
| | રોકડ | ૧૦૫૩૧.૦૦ |
| | બેંક | ૯૪૦૮૭૬.૫૯ |
| **તા.૩૧-૩-૨૫ સુધીનો** | ખર્ચ | ૮૧૬૬૩૯.૦૦ |
| | કુલ | ૧૦૩૩૦૪૬.૫૯ |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**